**ભાવાંજલિ** | આગામી ૨૯ ઓક્ટોબર સુધી ઠેર ઠેર ખેડૂત સભા યોજાશે, ઉપરાંત સરદાર પટેલના જીવન કવનની રજૂઆત કરાશે

# ડાંગ જિલ્લાના આહવાથી એકતા રથયાત્રાનો પ્રારંભ

**સાપુતારા,તા.૨૦**

એક ભારત-શ્રેષ્ઠ ભારતના પ્રણેતા એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપનાનું સાકાર સ્વરૂપ એટલે સ્ટેચ્યુ ઓફ યુનિટી એમ જણાવતાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સરદારસિંહ બારૈયાએ આહવા ખાતે એકતા રથયાત્રાનું પ્રસ્થાન કરાવતા જણાવ્યું હતું.

દેશી રજવાડાઓનું ભારતમાં વિલિનીકરણ કરી અખંડ ભારતનું નિર્માણ કરનારા સરદાર વલ્લભભાઈ પટેલને ભાવાંજલિ અર્પવા માટે, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું નિર્માણ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબને અનોખું ગૌરવ પ્રદાન કર્યું છે, તેમ પણ સરદારસિંહ બારૈયાએ વધુમાં જણાવ્યું હતું.

આહવા ખાતે એકતા રથયાત્રા પ્રસ્થાન કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા બારૈયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા તેની આસપાસના વિસ્તારના થઈ રહેલા વિકાસનો ખ્યાલ આપીને પૂર્વ પટ્ટીના સર્વાંગિણ વિકાસમાં આ પ્રતિમા સીમાચિન્હરૂપ બની રહેશે તેમ પણ જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભગિરથ કાર્યને આજે મૂર્તિમંત કરાયુ છે તેમ જણાવતા ડાંગ જિલ્લા પંચાયતના

## ૧૦૪ ગામોમાં ફરનારી એકતા યાત્રાનું મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું, એકતા યાત્રામાં સહભાગી બનવા ડાંગની પ્રજાને અનુરોધ

અધ્યક્ષા બીબી ચૌધરીએ, સ્ટેચ્યુ ઓફ યુનિટીની સૌને મુલાકાત લેવા અને ડાંગ જિલ્લામાં ફરનારી એકતા યાત્રામાં સૌને સહભાગી થવાનો અનુરોધ કર્યો હતો.

શાબ્દિક સ્વાગત કરતા ડાંગ કલેક્ટર બી.કે.કુમારે ડાંગ જિલ્લામાં પ્રથમ ચરણમાં ફરનારી એકતા યાત્રા દરમિયાન આયોજિત વિવિધ કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી સ્ટેચ્યુ ઓફ યુનિટી એ સાચા અર્થમાં પ્રવાસન ધામ બની રહેશે તેમ જણાવ્યું હતું. આ યાત્રા ૧૦૪ ગામોમાં ફરશે.

આહવાના રંગ ઉપવન ખાતે આયોજિત ડાંગ જિલ્લાના એકતા યાત્રા રથ પ્રસ્થાન કાર્યક્રમમાં માજી ધારાસભ્ય અને એ.પી.એમ.સી. ચેરમેન વિજય પટેલ સહિત તાલુકા પંચાયતના પ્રમુખ નરેશ ગવળી, આહવાનાં સરપંચ રેખા પટેલ, વાસુર્ણાના રાજવી ધનરાજસિંહ સૂર્યવંશી, ભારતીય પર્યટન નિગમના ડિરેક્ટર કરસન પટેલ, સંગઠનના હોદ્દેદારો અશોક ધોરાજિયા, બાબુરાવ ચૌર્યા, સુબિર તાલુકા પંચાયતના માજી પ્રમુખ રાજેશ ગામીત, સામાજિક કાર્યકર ગાંડાભાઈ પટેલ, સામાજિક કાર્યકરો રમેશ ચૌધરી, રમેશ ગાંગુર્ડે, ગિરીશ મોદી, સુરેશ ચૌધરી સહિત



(તસવીર : હેમંત હડસ)

જિલ્લાના ઉચ્ચ વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ, નગરજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન રંગ ઉપવનના રંગમંચ ઉપર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડાંગ કલેક્ટર બી.કે.કુમાર સહિત જિલ્લા વિકાસ અધિકારી એચ.કે.વઢવાણિયાના માર્ગદર્શન હેઠળ નિવાસી અધિક કલેક્ટર તેરસિંહ ડામોર તથા એકતા રથયાત્રાના લાયઝન અધિકારી જયસુખ પટેલ, રથ અધિકારી સુનિલ પટેલ તથા તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.